सत्यमेव जयते

| | |
|---|---|
| દાખલ તા. | ૧૭/૦૬/૨૦૨૫ |
| રજીસ્ટર તા. | ૧૭/૦૬/૨૦૨૫ |
| નિકાલ તા. | ૦૧/૦૪/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ : માસ : દિવસ : |

પોરબંદરના નામદાર પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં,
મું. પોરબંદર

રે.દિ.મુ.નં. ૯૬/૨૦૨૫
આંક: 42

રમેશ બૌરે ગોડા,
ઉ.વ.આ. ૫૪, ધંધો– કેટરીંગ
રહે. પોરબંદર, ઓમ કેટરીંગ હોમ, ઝુરીબાગ ..... વાદી

–: વિરૂધ્ધ :–

(૧) મકવાણા નીશાબેન પરેશભાઇ,
ઉ.વ.આ. ४૫, ધંધો–ઘરકામ,
રહે. પોરબંદર, ઠે. સલાટવાડા,

(૨) સિંધલ અમરાભાઇ ખીમાભાઇ,
ઉ.વ.આ. ४૬, ધંધો–છુટક,
રહે. પોરબંદર, ઠે. ધર્મપાનની બાજુમા, ઝુરીબાવ,
..... પ્રતિવાદીઓ

| | |
|---|---|
| દાવો | સી.પી.સી.ઓ. ૩૭ મુજબ |

વાદી તરફે વિ.વ.શ્રી. એન.ડી. ખત્રી

પ્રતિવાદીઓ તરફે વિ.વ.એચ.એમ. ચુંડાવદરા
-: ઠ રા વ :-

(૧) વાદીએ સર્વપ્રથમ હાલના દાવામાં સમરી દાવા નં. ૧/૨૪ થી સી.પી.સી.ઓર્ડર-૩૭ મુજબ પ્રતિવાદી પાસેથી રૂા. ૬,૫૦,૦૦૦/-ની રકમ વસુલ કરવા સમરી દાવો દાખલ કરેલ. જે દાવાના કામે તા. ૧૭/૦૬/૨૦૨૫ ના રોજ પક્ષકારોને સાંભળીને સદરહું દાવાને રેગ્યુલર દાવા તરીકે એટલે કે લોન્ગ કોઝ સ્યુટ તરીકે ચલાવવાનો હુકમ કરતા રેગ્યુલર દિવાની મુકદમા નં. ૯૬/૨૦૨૫ પાડવામાં આવેલ છે. જે મુજબ વાદીએ જણાવેલ છે કે, પ્રતિવાદી નં. ૦૧ ને મકાન બનાવવા માટે રકમની જરુર હોય વાદીએ રૂા. ૬,૫૦,૦૦૦/- હાથઉછીના આપેલ. જેમાં પ્રતિવાદી નં. ૨ જામીન તરીકે રહેલ હતા તેમજ ઉપરોકત રકમ વાદીએ પરત માંગતા પ્રતિવાદી નં. ૦૧ નાએ પોતાના બેંક ખાતા ચેકો લખી આપેલ, જે ચેકો ''એકાઉન્ટ બ્લોક'' ના શેરા સાથે પરત આવતા હાલનો દાવો દાખલ કરેલ છે.

(૨) પ્રતિવાદીઓ તરફે આંક-૧૪ થી દાવાનો જવાબ રજુ કરેલ છે. જેમાં તેઓએ વાદીની દાવાઅરજીની તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે તેમજ જણાવેલ છે કે, પ્રતિવાદી નં. ૦૧ ના ભાઈ વિજયભાઈ અમૃતલાલ ડાભીએ વ્યાજે રકમ મેળવેલ હતી. જે સંબંધે વાદી અને પ્રતિવાદી નં. ૦૧ ભાઈ સાથે તા. ૦૪/૦૮/૨૦૨૧ ના રોજ નોટરી રુબરુ કરાર કરવામાં આવેલ. જેથી સમગ્ર વ્યવહાર વાદી અને પ્રતિવાદી નં. ૦૧ વચ્ચેનો હોય વાદીએ ખોટી રીતે પ્રતિવાદીઓ સામે દાવો કરેલ હોય, વાદીનો દાવો રદ કરવા રજૂઆત કરેલ છે.

(૩) આ દાવાના કામે આંક-૧૬ થી નીચે મુજબના મુદા કાઢવામાં આવેલ છે.

| | |
|---|---|
| ૧. | શું વાદી પુરવાર કરે છે કે, વાદીએ પ્રતિવાદી નં. ૦૧ ને પૈસાની જરુર હોય મકાન બનાવવા સાડા છ લાખ હાથ ઉછીના આપેલ જેમાં |

| | |
|---|---|
| | પ્રતિવાદી નં. ૨ જામીન થયેલ ? |
| ૨. | શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદી નં. ૦૧ પાસે પૈસાની માંગણી કરતા તેઓએ તા. ૨૬/૦૫/૨૦૨૩ ના રોજ કરાર કરી આપેલ તેમજ બે ચેકો કુલ સાડા છ લાખના આપેલ જે ચેકો બેંકમા નાંખતા પરત થયેલ છે ? |
| ૩. | શું પ્રતિવાદીઓ જવાબ આંક–૧૪ ની હકીકતો પુરવાર કરવામાં સફળ રહેલ છે ? |
| ૪. | શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ? |
| ૫. | શું હુકમ અને હુકમનામુ ? |

(૪) ઉપરોકત મુદાઓના મારા જવાબ નીચે મુજબ છે.

| | |
|---|---|
| (૧) | '' હકારમાં '' |
| (૨) | '' હકારમાં '' |
| (૩) | '' નકારમાં '' |
| (૪) | '' હકારમાં '' |
| (૫) | '' આખરી હુકમ મુજબ '' |

(૫) વાદીએ આંક–૨૪ થી સરતપાસનુ સોગંદનામુ રજુ કરેલ છે. જેમાં દાવાઅરજીની હકીકતો જણાવેલ છે. જયારે પ્રતિવાદીઓ તરફેની ઉલટતપાસમાં જણાવેલ છે કે, હુ ૩૫ વર્ષથી કેટરીંગનો ધંધો કરુ છુ. મે ફુડ લાયસન્સ લીધેલ છે. મારી હાથ નીચે ધંધા સંબંધે ૧૭ માણસો કામ કરે છે. હુ ઈન્કમટેક્ષ ભરુ છુ. નીશાબેન તે વિજયભાઈના બહેન હોઈ તેથી ઓળખુ છુ. વિજયભાઈ મારા મિત્ર થતા હતા. નીશાબેન મારા કેટરર્સમા કામ કરતા ન હતા. મારે વિજયભાઈ સાથે અગાઉ સાડા છ લાખની લેતીદેતીનો વ્યવહાર થયેલ. જે સંબંધે નોટરી લખાણ થયેલ. વિજયભાઈ પાસેથી મે ચેકો લીધેલ. જે રકમ મને મળેલ નથી. એ વાત ખરી છે કે વિજયભાઈ સામે કમલાબાગ પો. સ્ટે.માં પૈસા સંબંધે ફરિયાદ કરેલ.

વિજયભાઇ સાથે મારે અલગ વ્યવહાર છે. એ વાત ખરી નથી કે નીશાબેન તે વ્યવહારમા સાક્ષી તરીકે હતા. મને પ્રતિવાદી તરફથી રજુ થયેલ નોટરીનુ લખાણ બતાવતા તેમા નીશાબેન સાક્ષી તરીકે સહી હોવાનુ સ્વીકારુ છુ. એ વાત ખરી નથી કે નીશાબેન પાસેથી કોરા ચેકો લખાવી લઇ પો.સ્ટે.બોલાવી ખોટુ લખાણ કરાવી લીધેલ છે. એ વાત ખરી છે કે આંક–૧૮ મા કોઇ સાક્ષી તરીકે સહી નથી. એ વાત ખરી છે કે અમરાભાઇ રીક્ષાવાળો છે. અમારે ભાગીદારી મકાન તથા જે.સી.બી. લેવા માટે નકકી કરેલ. એ વાત ખરી છે કે ભાગીદારીનુ કોઇ લખાણ તથા દસ્તાવેજ થયેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે ડમ્પરના નંબર લખેલ નથી, તથા આર.સી.બુક રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે અમરાભાઇ સાથે મારે કોઇ વ્યવહાર થયેલ નથી. એ વાત ખરી નથી કે મકાન માટે પૈસા આપેલાની તથા વ્યવહાર કરેલાની હકીકત ખોટી જણાવુ છુ. એ વાત ખરી નથી વિજયભાઇ સાથે વ્યવહાર થયેલ હોવા છતા ખોટી રીતે હાલનો દાવો દાખલ કરી ખોટી જુબાની આપુ છુ. એ વાત ખરી નથી કે મારા સાગંદનામામા હકીકત ખોટી જણાવુ છુ.

(૬) ત્યારબાદ પક્ષકારો વચ્ચે મીડીએશનની રજૂઆત કોર્ટ સમક્ષ થતા આ મેટર મીડીએશનને રીફર કરવામાં આવેલ, પરંતુ મીડીએશનમાં સમાધાન થયેલ ન હોય આ દાવો પરત આવતા આંક–૩૧ થી વાદી તરફે નોટરીને સાહેદ સમન્સ કરવાની અરજી આપતા જે મંજુર કરેલ. જે મુજબ આંક–૩૩ થી નોટરી અલ્પાબેન બાલુભાઇ ઓડેદરાએ સરતપાસમાં જણાવેલ છે કે, હુ નોટરી તરીકે સને ૨૦૨૦ થી કામગીરી કરુ છુ. મને આંક–૧૮ વાળો કરાર બતાવતા તે જોઇને જણાવુ છુ કે તે નોટરી કરાર મારા રુબરુ કરવામાં આવેલ. જેમા પક્ષકારોએ મારી હાજરીમા સહીઓ કરેલ છે. તેમજ અમારી પાસે નોટરી રજી. નિભાવવામાં આવે છે તે સને ૨૦૨૩ નુ છે. જેના પાના નં. ૭૪ પર આંક–૧૮ વાળા કરારની નોંધ કરેલ છે. તે રજીસ્ટરમાં પણ પક્ષકારોએ મારી રુબરુ સહીઓ કરેલ છે. જે

રજીસ્ટરના પાન નં. ૭૪ ની એટેસ્ટેડ નકલ આંક–૩૪ થી રજુ છે. ત્યારબાદ પ્રતિવાદીઓ તરફેની ઉલટતપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે આંક–૧૮ વાળુ લખાણ પક્ષકારો તૈયાર કરીને લઇને આવેલ. એ વાત ખરી છે કે મે પક્ષકારોની ખાત્રી કર્યા બાદ લખાણમાં સહી કરાવેલ તેમજ કરેલ. એ વાત ખરી છે કે આંક–૧૮ મા સાક્ષીની કોઇ સહી નથી. તેમજ સાક્ષીની પુછપરછ કરેલ નથી.

(૭) ત્યારબાદ વાદી તરફે આંક–૩૫ થી કલોઝીંગ પુરસીસ રજુ થયેલ છે.

(૮) આ કામે આંક–૩૭ થી પ્રતિવાદી નં. ૦૧ નીશાબેન પરેશભાઇનુ સરતપાસનુ સોગંદનામુ રજુ થયેલ છે. જયારે વાદી તરફેની ઉલટતપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે હાલનો દાવો પૈસા વસુલ કરવાનો છે. મને આંક–૧૮ બતાવતા તેમા મારો ફોટો તથા સહી ઓળખી બતાવુ છુ. તેમજ મારુ આધાર કાર્ડ હોવાનુ પણ ઓળખી બતાવુ છુ. મને ખબર નથી કે મે તથા પ્રતિવાદી નં.૨ નાએ વાદી પાસેથી રકમ લીધેલાનો તે કરાર છે કે કેમ. આ કરાર સાડા છ લાખ લીધાની હકીકતનો ઉલ્લેખ કરેલ છે. આ કરારમાં મે બે ચેકો આપેલાનો પણ ઉલ્લેખ કરેલ છે. એ વાત ખરી છે કે મે તથા પ્રતિવાદી નં.૨ નાએ વાદીને સાડા છ લાખની રકમ પરત ચુકવેલાનો કોઈ આધાર આ દાવાના કામે રજુ કરેલ નથી. સાહેદ જણાવે છે કે મે લીધેલ જ નથી. મે રમેશભાઈને ચેકો આપેલ તે હકીકત ખરી છે. મને તે હકીકતની ખબર નથી કે તે બે ચેકો સાડા છ લાખની રકમના હતા કે કેમ. મને આંક–૧૯ તથા ૨૧ બતાવતા તે ચેકો બાબતે મને કાઈ ખબર નથી. મારુ હાલ ખાતુ બંધ થઈ ગયેલ છે. કઈ બેકમાં ખાતુ હતુ તે ખબર નથી. સાહેદ જણાવે છે કે દશ પંદર વર્ષ થઈ ગયેલ છે. મને કેસ સબંધે કાઈ ખબર નથી. તેમજ રજુ કરેલ જવાબ તથા પુરાવામા શુ વિગત જણાવેલ છે તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે મે કમલાબાગમા પોલીસમા ફરીયાદ કરેલ તે સબંધેના કોઈ આધાર આ દાવાના કામે રજુ કરેલ નથી. સાહેદ જણાવે છે

કે મારા ભાઈએ ફરીયાદ કરેલ હતી. એ વાત ખરી નથી કે વાદીને રકમ આપેલ નથી. એ વાત ખરી નથી કે રકમ પરત આપવી ન પડે તેથી ખોટો જવાબ તથા ખોટુ સોગંદનામુ કરેલ છે.

(૯) ત્યારબાદ આંક–૪૦ થી પ્રતિવાદી નં. ૨ અમરાભાઇ ખીમાભાઈનુ સરતપાસનુ સોગંદનામુ રજુ થયેલ છે. જયારે વાદી તરફેની ઉલટતપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે હાલનો દાવો પૈસા વસુલ કરવાનો છે. મને આંક–૧૮ બતાવતા તેમા મારો ફોટો તથા સહી ઓળખી બતાવું છુ. તેમજ મારુ આધાર કાર્ડ હોવાનુ પણ ઓળખી બતાવુ છુ. મને ખબર નથી કે મે તથા પ્રતિવાદી નં.૨ નાએ વાદી પાસેથી રકમ લીધેલાનો તે કરાર છે કે કેમ. આ કરાર સાડા છ લાખ લીધાની હકીકતનો ઉલ્લેખ કરેલ છે. આ કરારમા મે બે ચેકો આપેલાનો પણ ઉલ્લેખ કરેલ છે. એ વાત ખરી છે કે મે તથા પ્રતિવાદી નં.૨ નાએ વાદીને સાડા છ લાખની રકમ પરત ચુકવેલાનો કોઈ આધાર આ દાવાના કામે રજુ કરેલ નથી. સાહેદ જણાવે છે કે મે લીધેલ જ નથી. મે રમેશભાઈને ચેકો આપેલ તે હકીકત ખરી છે. મને તે હકીકતની ખબર નથી કે તે બે ચેકો સાડા છ લાખની રકમના હતા કે કેમ. મને આંક–૧૯ તથા ૨૧ બતાવતા તે ચેકો બાબતે મને કાઈ ખબર નથી. મારુ હાલ ખાતુ બંધ થઈ ગયેલ છે. કઈ બેકમાં ખાતુ હતુ તે ખબર નથી. સાહેદ જણાવે છે કે દશ પંદર વર્ષ થઈ ગયેલ છે. મને કેસ સબંધે કાઈ ખબર નથી. તેમજ રજુ કરેલ જવાબ તથા પુરાવામા શુ વિગત જણાવેલ છે તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે મે કમલાબાગમા પોલીસમા ફરીયાદ કરેલ તે સબંધેના કોઈ આધાર આ દાવાના કામે રજુ કરેલ નથી.સાહેદ જણાવે છે કે મારા ભાઈએ ફરીયાદ કરેલ હતી. એ વાત ખરી નથી કે વાદીને રકમ આપેલ નથી. એ વાત ખરી નથી કે રકમ પરત આપવી ન પડે તેથી ખોટો જવાબ તથા ખોટુ સોગંદનામુ કરેલ છે.

(૧૦) ત્યારબાદ આંક–૪૧ થી પ્રતિવાદીઓ તરફે પુરાવો પુરો થયાની પુરસીસ રજુ થયેલ છે.

(૧૧) બંને પક્ષોની દલીલ સાંભળી. જેઓએ રેકર્ડ મુજબ દલીલ કરેલ છે. આ કામે વાદી ધ્વારા તેમના મૌખિક પુરાવા ઉપરાંત આંક–૧૮ થી વાદી તથા પ્રતિવાદીઓ વચ્ચે થયેલ નોટરી રુબરુનો કરાર રજુ કરેલ છે. આંક–૧૯ તથા આંક–૨૧ થી વિવાદવાળા ચેકો તથા આંક–૨૦ તથા આંક–૨૨ થી બેંકનો રીટર્ન મેમો રજુ થયેલ છે. આ કામે વાદીના સમર્થનમાં એડવોકેટ એન્ડ નોટરી તરીકે તપાસેલ સાહેદ અલ્પાબેન ઓડેદરાએ પુરાવામાં જણાવેલ છે કે, આંક–૧૮ વાળો કરાર મારા રુબરુ કરવામાં આવેલ. જેમાં પક્ષકારોએ મારી હાજરીમા સહીઓ કરેલ. જે રજીસ્ટર સને ૨૦૨૩ નો રજુ કરી તેની એટેસ્ટેડ નકલ આંક–૩૪ થી રજુ કરેલ છે. આમ, પક્ષકારો વચ્ચેની લડાઇમાં એડવોકેટ અને નોટરી તરીકે અલ્પાબેન બાલુભાઇ કોઇપણ જાતના વાજબી કારણ વિના માત્ર વાદીને મદદ કરે તેવો પુરાવો આપે તેવુ માની શકાય નહીં. આ કામે નોટરી રુબરુ આંક–૧૮ વાળુ લખાણ તૈયાર થયેલ છે. જે હકીકત ધ્યાને લેતા વાદીનુ પ્રતિવાદીઓ વિરુધ્ધ કાયદેસરનુ લેણુ હોવાનુ માનવાને કારણ રહે છે. આમ, નોટરીને વાદીની તરફેણમા તથા સામાવાળાની વિરૂધ્ધમા પુરાવો આપવા માટે કોઈ જ કારણ જણાતુ ન હોઈ વાદી વિવાદવાળુ લેણુ સાબિત કરવામાં સફળ રહેતા હોય, વાદીએ પ્રતિવાદી નં. ૦૧ ને પૈસાની જરુર હોય મકાન બનાવવા માટે હાથ ઉછીના રૂા. ૬,૫૦,૦૦૦/– આપેલાનુ વાદી પુરવાર કરવામાં સફળ રહેલ હોવાનુ ઠરાવવા માટે પુરતુ કારણ જણાય છે. આ દાવાના કામે પ્રતિવાદી નં. ૨ અમરાભાઇ ખીમાભાઇએ વાદીને કોઇ ચેકો આપેલ હોય તેવુ રેકર્ડ ઉપર જણાતુ નથી. જેથી માત્ર કરારમાં તેઓની સહી હોય તેટલા માત્રથી તેઓની જવાબદારી ઠરાવી શકાય નહીં. જે હકીકત લક્ષમાં લેતા વાદી પોતાનો દાવો સાબિત કરવામાં સફળ રહેલ હોય માત્ર પ્રતિવાદી નં. ૦૧ વિરુધ્ધ

હુકમનામુ મેળવવા વાદી હકકદાર જણાતા હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

-: આ ખ રી હુ ક મ :-

(૧) વાદીનો દાવો અંશતઃ મંજુર કરવામાં આવે છે.

(૨) દાવાવાળી રકમ રૂા. ૬,૫૦,૦૦૦/- (અંકે રૂપિયા છ લાખ પંચાસ હજાર પુરા) દાવો દાખલ થયા તારીખથી રકમ વસુલ થતા સુધી પ્રતિવાદી નં.૧ ની જાત વ મિલકત હરેક પ્રકારે વાદી ઉપરોકત રકમ વાર્ષિક ૬ % ના વ્યાજ સહિત થતી તમામ રકમ વાદી પ્રતિવાદી નં. ૦૧ પાસેથી વસુલ મેળવવા હકકદાર હોવાનુ ઠરાવવામાં આવે છે.

(૩) આ દાવાનુ વાદી થયેલ ખર્ચ પ્રતિવાદી નં. ૦૧ નાએ ભોગવવાનુ રહેશે. પ્રતિવાદી નં.૨ નાઓ સામે વાદીનો દાવો નામંજુર કરવામા આવે છે.

(૪) હુકમ મુજબ હુકમનામું દોરવું.

**આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

તારીખ : ૦૧/૦૪/૨૦૨૬ (ભાવેશ જેઠાભાઇ પટેલ)
સ્થળ : પોરબંદર પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ
પોરબંદર
(જજ કોડ : ૦૦૯૭૭)